# વચનામૃત ઓપન પરીક્ષા

**ઓગષ્ટ, સપ્ટેમ્બર-૨૦૧૯**

વચનામૃત વર્ષ :૧૮-૧૯

## ➢ હેતુ :

ગુરુવર્ય પ.પૂ.બાપજીના આશીર્વાદ છે કે વચનામૃત ગ્રંથએ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની પરાવાણી છે, સાત શેર ઘીનો મૈસુબ છે, સુપ્રીમનો ચુકાદો છે, સંપ્રદાયનો સર્વોપરી ગ્રંથ છે. તેથી બીજા પરોક્ષના કે પ્રત્યક્ષના શાસ્ત્રો કરતાં વચનામૃત ખૂબ વાંચવા, શીખવા અને ભણવા, તેનાથી મહારાજ, બાપા ખુબ રાજી થશે.

એમાંય આપણી અમીરપેઢીના સમર્થ સદ્ગુરુશ્રીઓ એ આપણી ઉપર ખુબ કૃપા કરી વચનામૃત લખ્યાં અને ગાઈડ સમાન રહસ્યાર્થ ટીકા લખી માટે એનું ખુબ વાંચન-મનન કરીએ તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ દ્રઢ થાય. અનાદિમુક્તની સ્થિતિ બંધાય.

સમાજમાં વચનામૃતના વાંચનનું અંગ કેળવાય. વચનામૃતનું એકાગ્રતાથી વાંચન કરે.

વચનામૃત વર્ષ નિમિતે તમામ હરિભક્તો વચનામૃતના અભ્યાસુ બને તેમ છે.

## ➢ સમય મર્યાદા :

- ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ દરમ્યાન આ પરીક્ષા લેવામાં આવશે.
- ઓગષ્ટમાં પેપર-૧ અને સપ્ટેમ્બર માસમાં પેપર-૨ આપવામાં આવશે.

## ➢ માર્કિંગ સિસ્ટમ :

1. દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
2. કુલ ૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર આપવામાં આવશે.
3. પાસ થવા માટે ૪૦ ગુણ લાવવા ફરજીયાત છે.
4. પ્રશ્નપત્રમાં કોઈ ઓપ્શન આપવામાં આવશે નહીં.
5. પ્રશ્નપત્રમાં કોઈ નેગેટીવ માર્કિંગ રાખેલ નથી.

## ➢ પેપર સ્ટાઈલ :

| | | |
|---|---|---|
| પ્રશ્ન : ૧ | MCQ (રેફરન્સ સહિત) | – ૫૦ ગુણ |
| પ્રશ્ન : ૨ | MCQ (રેફરન્સ વગર) | – ૨૦ ગુણ |
| પ્રશ્ન : ૩ | ખરાં-ખોટા જણાવો. (રેફરન્સ સહિત) | – ૧૦ ગુણ |
| પ્રશ્ન : ૪ | એક વાક્યમાં જવાબ લખો. (રેફરન્સ સહિત) | – ૨૦ ગુણ |

....................................

**કુલ ગુણ - ૧૦૦**

- **સુચના :**

1. આ પેપર બે રીતે આપવામાં આવશે.
2. ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનાની પ્રથમ અઠવાડિયામાં પ્રશ્નપત્ર આપવામાં આવશે. તેમજ વેબસાઈટ પર પ્રશ્નપત્ર અપલોડ કરવામાં આવશે. પ્રશ્નપત્રમાં જવાબ લખવા માટે પેપર ઘરે લઈ જવાનું રહેશે. પ્રશ્નપત્રના જવાબ લખવા માટે એક માસ આપવામાં આવશે.
3. પ્રશ્નપત્રના તમામ જવાબ પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે.
4. વચનામૃતમાંથી જોઈને પ્રશ્નના જવાબ લખવાના રહેશે.
5. શ્રીજી મહારાજનો પ્રગટભાવ રાખી પ્રશ્નપત્રમાં જવાબ લખવાના રહેશે. પરીક્ષાર્થીએ કોઈનામાંથી જોઈને કે પૂછીને જવાબ ના લખવા. જાતે જ વચનામૃતમાંથી જવાબ શોધીને લખવા.
6. પરીક્ષાર્થીએ ફરજીયાત એક મહિનામાં પેપર લખી મંડળમાં જમા કરાવાનું રહેશે.
7. જવાબપત્ર માસનાં અંતિમ દિવસે આપવામાં આવશે.
8. જે પરીક્ષાર્થીઓને નજીકના યુવક મંડળ/સેન્ટરમાં પ્રશ્નપત્ર જમા કરાવવાનું શક્ય ના હોય તેમણે પોતાનું પેપર જાતે તપાસી કાર્યાલય દ્વારા આપેલ ગુગલ ફોર્મમાં પોતાના માર્ક્સ લખવાના રહેશે. (આ સભ્યો મંડળ લેવલે ઈનામી સ્પર્ધા માટે બાકાત ગણાશે.)
9. ઓગસ્ટ માસના અંતિમ દિવસે પેપર-૧ની અને સપ્ટેમ્બર માસના અંતિમ દિવસે પેપર-૨ની જવાબવહી સેન્ટરમાં મોકલવામાં આવશે.
10. પરીક્ષાના પેપર જમા કરાવ્યાના એક અઠવાડિયામાં પેપર મંડળમાંથી તપાસીને રીઝલ્ટ આપવામાં આવશે.
11. જેના સૌથી વધુ ગુણ આવ્યા હોય તેમને મંડળ લેવલે પછીના માસની અઠવાડિક સભામાં ઇનામ આપવામાં આવશે.